# કોર્પોરેશન ઈચ્છે તો પબ્લિક ટ્રાન્સપોર્ટ અધતન બની શકે

હમણાં જ થોડા દિવસ પહેલાં ઓસ્ટ્રેલિયામાં પબ્લિક ટ્રાન્સપોર્ટ અંગે એક સેમીનાર થઇ ગયો. જેમાં અમદાવાદના મેયરે પણ ભાગ લીધો હતો. તેઓ ઘણું ઘણું જાણીને આવ્યા હશે અને તેમાંથી કેટલુક કેટલુક કરશે એવી અપેક્ષા રાખવી નિર્થક નથી જ. પણ વાચકોને પ્રશ્ન થાય કે પબ્લિક ટ્રાન્સપોર્ટ અંગે ઓસ્ટ્રેલિયા પાસે એવું તો શું છે કે, મેયરે જવું પડ્યું અને તેનો અમલ જો ગુજરાતના શહેરોમાં કરવામાં આવે તો પબ્લિક ટ્રાન્સપોર્ટ અંગેની આપણી ઘણી સમસ્યા હળવી થઇ શકે તેમ છે.

ઓસ્ટ્રેલિયાના દરેક શહેરમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા અદભૂત છે. ત્યાં પણ શહેર અને પરાં વિસ્તાર છે. શહેરમાં મોટાભાગે ઓફિસો આવેલી છે. ખાસ કરીને લોકો શહેરની બહારના વિસ્તારમાં રહે છે. પરાં વિસ્તારમાંથી શહેરમાં આવવા માટે ટ્રેનનો ઉપયોગ થાય છે, જયારે શહેરમાં અંદરોઅંદર જવા માટે ટ્રેન અને બસ કે ટ્રામનો ઉપયોગ થાય છે. તેવી જ રીતે પરાં વિસ્તારમાં અંદરોઅંદર જવા માટે બસનો ઉપયોગ થાય છે. આમ તો શહેર અને અન્ય વિસ્તારોને એકબીજાથી જુદા પાડવા અઘરા છે. આપણને એમ ના લાગે કે, ક્યારે શહેરનો વિસ્તાર શરૂ થયો કે પરાંનો વિસ્તાર શરૂ થયો. આમ છતાં લોકોને અવરજવરમાં એટલી સરળતા છે કે, આ તંત્ર કેવી રીતે ચાલતું હશે તેના વિચારો અનેક વાર મનમાં ડોકિયા કરી જાય. એક ઉદાહરણ દ્વારા સમજીએ કે ત્યાં પબ્લિક ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા કેવી છે. ધારો કે તમે તમારાં કોઈ સગાને ત્યાં ગયા છો. તમારે એકલાએ જ તમારાં બીજા કોઈ સબંધીને ત્યાં કે કોઈ ઓફિસમાં જવું છે. તમે સાવ અજાણ્યા છો. તો કેવી રીતે જવું ? કોને પૂછવું? વગેરે તમારા મનમાં પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. આ સમસ્યાનો સચોટ ઉપાય એટલે પબ્લિક ટ્રાન્સપોર્ટની પોતાની મોબાઈલ એપ્લીકેશન. અહી એક વાતની નોધ લઈએ કે ઓસ્ટ્રેલિયામાં મોટા શહેરોમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ એ કોર્પોરેશન કે સરકાર દ્વારા નથી ચાલતી, પણ ખાનગી કંપનીને કોન્ટ્રકટ આપેલો હોય છે. આમ સરકાર કોઈ જવાબદારી નિભાવતી નથી, છતાં લોકોને સારી સુવિધા મળે છે અને સરકાર નફો રળે છે. હા, વાત કરીએ તમેં તમારા સબંધીને ત્યાં કોઈ પરાં વિસ્તારમાં છો અને અન્ય જગ્યાએ જવું છે. તો તમે કેવી રીતે જશો. તો તમારે તમારા મોબાઈલમાં પેલી એપ્લીકેશનમાં તમારે જ્યાં જવું છે તે જગ્યાનું નામ ટાઇપ કરી દેવાનું છે. હવે એ એપ્લીકેશન તમને બતાવશે કે તમે જે જગ્યાએ બેઠા છો, ત્યાંથી તમારે જે જગ્યાએ જવું છે ત્યાં કેવી રીતે પહોંચશો. તમને બતાવશે કે, તમે જે જગ્યાએ છો ત્યાંથી નજીકનું બસ સ્ટેન્ડ કેટલા મીટરના અંતરે છે. ત્યાંથી તમારે ક્યાં નંબરની બસમાં બેસવાનું છે. તે બસ કેટલા વાગ્યા પછી આવશે. તે બસ પર કયું બોર્ડ મારેલું હશે એટલે કે તે બસ ક્યાંથી આવે છે અને ક્યાં જવાની છે. સાથે તમને એ પણ જણાવશે કે એ બસમાં બેસીને તમારે ક્યાં ઉતરવાનું છે. ત્યાં પહોંચતા કેટલો સમય લાગશે. ત્યારબાદ તમે જ્યાં ઉતરશો પછી ધારો કે, તમારે ટ્રેનમાં જવાનું છે. તો ટ્રેનનું સ્ટેશન કેટલા મીટરના અંતરે છે. તમે ટ્રેન સ્ટેશને પહોંચો એ પહેલા પેલી એપ્લીકેશનમાં જણાવેલું જ હશે કે, તમારે કયા પ્લેટફોર્મ પર જવાનું છે. એ પ્લેટફોર્મ પરથી તમારે કઈ ટ્રેનમાં બેસવાનું છે. તે ટ્રેન કેટલા વાગે આવશે. તે ટ્રેનમાં બેઠા પછી તમારે ક્યાં ઉતરવાનું છે. વગેરે. હવે આપના મનમાં એક પ્રશ્ન ઊભો થાય કે, આપણે જે સ્ટેશને બસમાંથી કે ટ્રેનમાંથી ઉતરવાનું છે તેની ખબર કેવી રીતે પડશે? તો બસ અને ટ્રેનમાં અંદર જ લખેલી અને સાથે માઈક પરથી જાહેરાત થતી હોય છે. તમે ટ્રેનમાં બેસી ગયા પછી જ્યાં ઉતરશો ત્યાંથી ધારો કે તમારે હજુ પણ આગળ જવાનું છે અને ત્યાં બસમાં જવાનું છે. તો વળી

એપ્લીકેશન બતાવશે કે, તમારે ઉતરીને કેટલા મીટર ચાલવાનું છે, જ્યાં તમને કઈ બસ કેટલા વાગે મળશે અને તે બસમાં ક્યાં ઉતરવાનું છે વગેરે.

ઉપરના ઉદાહરણ દ્વારા ખ્યાલ આવશે કે, સાવ અજાણ્યા માણસને પણ શહેરમાં કોઈપણ જગ્યાએ મુસાફરી કરવી હોય તો કોઈને પૂછવું પડતું નથી. પોતાની પાસે રહેલો મોબાઈલ અને તેમાં રહેલી એપ્લીકેશન જ તમને સતત રસ્તો બતાવશે અને માર્ગદર્શન આપશે. આ ઉપરાંત બીજી કેટલીક સામાન્ય લગતી બાબતો પણ લોકોને પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરે છે. જેમકે, દરેક બસ સ્ટોપ પર બસના ટાઈમ લખેલા હોય છે કે બસ કેટલા વાગે આવશે. જેથી કાયમી પેસેન્જર તે બોર્ડ વાંચીને જે તે સમયે જ બસ સ્ટોપ પર આવે છે.

આપણે ત્યાં ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે શહેરોમાં આ પબ્લિક ટ્રાન્સપોર્ટની સગવડતા વધારે સરળ અને સુલભ્ય બને તે માટેના કેટલાક ઉપાયો જોઈએ. દરેક બસ સ્ટોપ પર સમયપત્રક હોય તો ઘણાં મુસાફરો તેનો ઉપયોગ કરે. આજે બને છે એવું કે, સીટી બસનો ઉપયોગ કરવો છે, પણ બસ ક્યારે આવશે તેની ખબર નથી. એટલે કેટલાક મુસાફર બસનો ઉપયોગ કરતા નથી. ક્યારેક એવું બને કે બસનો ટાઈમ ન હોય અને પેસેન્જર બસ સ્ટોપ પર ઊભો રહે, અને બસ ના આવે એટલે પેસેન્જર કંટાળે છે અને ભવિષ્યમાં બસનો ઉપયોગ નહિ કરવો તેમ નક્કી કરે છે. સીટી બસ માટેની દરેક કોર્પોરેશને મોબાઈલ એપ શરૂ કરવી જોઈએ. દરેક બસમાં શક્ય હોય તો જી.પી.એસ. સીસ્ટમ ગોઠવવી જોઈએ. જેથી પેસેન્જર જાણી  શકે કે કઈ બસ ક્યારે આવશે અને ક્યાંથી ક્યાં જવું હોય તો કેટલો સમય લાગશે. બીજું બસના ભાડાં ખૂબ જ ઓછા રાખવા જોઈએ અને શક્ય હોય તો ઓફીસમાં જવા આવવાના સમયે મફત મુસાફરી આપવી જોઈએ. શહેરમાં પાર્કિંગ ફી વધારે હોવી જોઈએ. સરકારી કે પ્રાયવેટ ઓફીસમાં પણ પાર્કિંગ ફી રાખવી જોઈએ. એ ફી એટલી હોવી જોઈએ કે, લોકો પોતાનું વાહન લાવવાનું પસંદ કરે તેના કરતા બસમાં આવવાનું વધારે પસંદ કરે. કેટલાક વિસ્તારમાં ખુલ્લા પ્લોટ છે ત્યાં મફત કે નજીવા દરે પાર્કિંગ વ્યવસ્થા આપવી અને ત્યાંથી શહેરમાં કે અન્ય જગ્યાએ જવા બસ કે રીક્ષાની વ્યવસ્થા ગોઠવવી. અમુક ચોક્કસ વિસ્તારોમાં ફોર વ્હીલ કારપર પ્રતિબંધ રાખવો. પબ્લિક ટ્રાન્સપોર્ટ કોર્પોરેશને ના ચલાવતા ખાનગી કંપનીને વિસ્તાર મુજબ આપવો. આખા શહેરનો કોન્ટ્રાક્ટ કોઈ એક કંપનીને ના આપવો. દરેક ચાર રસ્તા પર પણ સીસીટીવી કેમેરા હોવા જોઈએ અને દરેક ચાર રસ્તા પર ટ્રાફિકના નિયમન માટેનો વહીવટ ખાનગી કંપનીને આપવો. આમ કરતા કોર્પોરેશનની જવાબદારી ઓછી થશે, આર્થિક ફાયદો થશે અને લોકોને વધુ સુવિધા પણ મળશે. ટ્રાફિકના નિયમોનો ભંગ ઘટી જશે. લોકોમાં જાગૃતિ આવે તેવા પ્રયત્નો સતત કરવા, શાળા, કોલેજો અને સામજિક સંસ્થાનો સહયોગ લઇ લોક જાગૃતિ લાવવી. ઉપરાંત શહેરમાં આવેલી  રજ્ય સરકારની, કેન્દ્ર સરકારની તેમજ સેમી ગવર્નમેન્ટ તેમજ ખાનગી ઓફિસોના ટાઈમ અલગ અલગ રાખવા જોઈએ. જેથી ઓફીસ જતા અને આવતા એક સાથે ટ્રાફિકની સમસ્યા ન સર્જાય. ટૂંકમાં, કોર્પોરેશન ધારે તો પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા અદ્યતન બનાવી શકે. જો અધિકારીઓ આવડત બતાવે અને નેતાઓ નિષ્ઠા બતાવે તો અશક્ય નથી.